નોટરાઈઝડ રૂ.૩૦૦/- ના સ્ટેમ્પ પેપર

<u>નવીન ખેતીવાડી થી ફેઝ વીજ જોડાણ માટેનું સેલ્ફ ડિક્લેરેશન (સ્વ-ઘોષણા) / બાહેંધરી પત્રક પત્રક:</u>

આથી હું શ્રી/શ્રીમતી. અરજણ ભગા ઓડેદરા, મોજે ગામ પોરબંદર તા. પોરબંદર, જી. પોરબંદર ના 25 સર્વે નંબરમાં નવીન ખેતીવાડીથી ફેઝ વીજ જોડાણ મેળવવા પશ્ચીમ ગુજરાત વીજ કંપની લિમિટેડની પેટા કચેરી બગવદર ખાતે અરજી કરેલ છે. ઉપરોક્ત સર્વે નંબર સંયુક્ત માલિકી / ભાગીદારીની હોવાથી હું નીચે સહી કરનાર લેખિત સંમતી/બાહેંધરી આપું છું કે :

(૧) સદર વીજ જોડાણનો ઉપયોગ માંગણી સિવાયના અન્ય હેતુ માટે અને અન્ય જગ્યા ઉપર કરીશ નહીં.

(૨) સદર વીજ જોડાણ અંગેના પશ્ચીમ ગુજરાત વીજ કંપની લીમીટેડના હાલના તેમજ ભવિષ્યના પ્રવર્તમાન નિયમો મુજબ વર્તવા બંધાવું છું. વીજ કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ અંદાજપત્રના નાણાં ભરપાઈ કરવા સંમત છું.

(૩) માંગણીવાળા સર્વે નંબર / બ્લોક નંબર 25 સંયુક્ત માલિકી / ભાગીદારીની છે અને સદર માંગણી મુજબના વીજ જોડાણના સ્થળે જમીનની માલિકી તથા કબજા અંગેની કોઈ તકરાર નથી. અમે અમારા સહ-ભાગીદારોને આ વીજ જોડાણ અંગે જાણ કરેલ છે અને તેઓની સંમતી લીધેલ છે.

(૪) જમીન બાબતે કે વીજ જોડાણ બાબતે સહ-ભાગીદારો સાથે કોઈ તકરાર/વિવાદ ઉપસ્થિત થશે તો વીજ વિતરણ કંપનીની કોઈ જવાબદારી રહેશે નહિ અને કાયદાકીય વિવાદમાં હું વીજ વિતરણ કંપનીને થતા આર્થિક નુકશાન, દાવા, ખર્ચ વિગેરેથી બચાવવાની જવાબદારી લઉં છું.

(૫) મારો જુદો/અલગ પાણીનો સ્ત્રોત / કુવો / બોર છે અને સંપૂર્ણ જમીનનો / સર્વે નંબર સ્પષ્ટ નકશો કે જેમાં તમામ સહ-માલિકોની હદબંધી (સબ-ટિકા નકશો) તથા દરેક ખેડૂતની વિશિષ્ટ/અલગ સીમાઓ દર્શાવવામાં આવેલ હોવી તે આ સાથે સામેલ છે.

(૬) રજુ કરાયેલ અરજી, ટેસ્ટ રીપોર્ટ, અને નકશા વિગેરેની વિગતો સંપૂર્ણ ખરી છે અને તેમાં વિસંગતતા જણાયે પશ્ચીમ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા આપવામાં આવેલ ખેતી વિષયક વીજ જોડાણ રદ કરી શકે છે. અને તેમાં મને કોઈ વાંધો હરકત રહેશે નહિ.

(૭) આવા ખેતી વિષયક વીજ જોડાણમાં કોઇપણ પ્રકારના અકસ્માત માટે હું સંપૂર્ણપણે જવાબદાર છું અને તે માટે પશ્ચીમ ગુજરાત વીજ કંપની લીમીટેડ સામે કોઈ દાવો કે તકરાર કરીશ નહિ.

(૮) જો સદર વીજ જોડાણ મળ્યા બાદ ભવિષ્યમાં કોઈ તકરાર ઉપસ્થિત થશે તો મારું વીજ જોડાણ કોઈ પણ પૂર્વ સુચના સિવાય કાપી નાખવામાં આવશે તો તે બાબતે હું કોઈ પણ પ્રકારનો હકક, દાવો કરીશ. નહીં. આ સંજોગોમાં પશ્ચીમ ગુજરાત વીજ કંપનીના નિયમ મુજબ બે વર્ષનો સમયગાળો પૂર્ણ થયેલ ન હોય તો બાકીના સમય માટે કંપનીના નિયમ મુજબ મીનીમમ ચાર્જ ભરપાઈ કરવા બાહેંધરી આપું છું.

(૯) વીજ જોડાણ આપવાથી, જમીનની માલિકી અંગે અન્ય ભાગીદારોના હક્કો બાબતે કોઈ રીતે અસરકારક રહેશે નહિ

ઉપરોક્ત સંમતી મેં સમજી વિચારીને સુબુધ અવસ્થામાં આપેલ છે. આ બાબતે અમો તથા અમારા વંશ વાલી વારસોને હાલમાં કે ભવિષ્યમાં કોઈ પણ જાતનો વાંધો કે તકરાર રહેશે નહી તથા ભવિષ્યમાં કોઈ પણ જાતનો વિવાદ ઉભો કરશે નહીં.

નામ: અરજણ ભગા ઓડેદરા

સહી: અરજણભાઈ ભગાભાઈ

સ્થળ : પોરબંદર

તારીખ : 20-08-2025